પાખંડ જ્યારે વધી પડે ત્યારે ધર્મને મંદિરોમાં, મસ્જિદોમાં, ગુરૂદ્વારામાં અને દેવળોમાં સંતાઇને રહેવું પડે છે
- રવિદાસ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૧૮૯ | ૨૦ સપ્ટેમ્બર, ૨૦૧૪, શનિવાર; ભાદરવા વદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ગિફ્ટ સીટીને સ્માર્ટ સીટી બનાવવા હિલચાલ

## ગિફ્ટ સીટી કેન્દ્રની સહાયથી વિકાસના નવા દ્વાર તરફ ડગ માંડી રહી છે : કેન્દ્ર સરકાર સમક્ષ પ્રેઝન્ટેશન રજુ કરાયું

ગાંધીનગર, તા.૧૯ રાજય સરકારનું અતિ મહત્વાકાંક્ષી નિર્માણ ગિફ્ટ સિટી પ્રોજેકટના વધુ વિકાસ માટે કેન્દ્ર



સરકારના સ્માર્ટ સીટી અભિગમમાં સમાવેશ થાય તે માટે સરકારે સઘન પ્રયાસો હાથ ધર્યા છે.

રાજય સરકારના વિશ્વસનીય સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે સ્માર્ટ સીટી પ્રોજેકટ અંતર્ગત જે પ્રાથમિક માર્ગદર્શિકા કેન્દ્ર સરકારે રાજયોને જારી કરી તેના સૂચનો માંગ્યા છે તેને જ રાજય સરકારે ધ્યાને લઈ કેન્દ્ર સરકાર સમક્ષ આ મહત્વાકાંક્ષી નિર્માણની રૂપરેખા સાથેનું પ્રેઝન્ટેશન રજુ કરી દીધું છે.

આ ગિફ્ટ સીટીમાં હાલ બે ટાવરોનું નિર્માણ કરાયું છે પણ તેને નબળો પ્રતિસાદ સાંપડયો છે. બીજી તરફ કેન્દ્ર સરકારે સ્માર્ટ સીટી નિર્માણ માટેની યોજના તૈયાર કરતાં જ રાજય સરકારે આ તક ઝડપી લીધી છે. જો કે કેન્દ્રની યોજના અંગેની માર્ગદર્શિકા જે રાજયોને મોકલાઈ છે તેમાં રાજયના સાત શહેરો દર્શાવાયા છે પણ રાજય સરકારે શહેરોની પસંદગી રાજયનો અધિકાર હોવો જોઈએ તેવી રજુઆત સાથે ગિફ્ટ સિટીનું પ્રેઝન્ટેશન કેન્દ્ર સરકારના શહેરી વિકાસ મંત્રાલય સમક્ષ કર્યું છે.

મળતી વિગતો પ્રમાણે સ્માર્ટ સીટી પ્રોજેકટમાં નવા કરવેરા લાદવાની વાત છે. ગિફ્ટ સીટી હજુ નિર્માણાધીન છે એટલું જ નહિ અહિં હવે માનવ વસાહત તેમજ હોસ્પિટલ, શૈક્ષણિક સંકુલ સહિતની સેવાઓ ઉપલબ્ધ બનવાની છે. સ્માર્ટ સીટી પ્રોજેકટમાં ઘન કચરાના નિકાલ વ્યવસ્થાપન વિશે તેમજ વોટર મેનેજમેન્ટને લઈ જે વાતો કહેવાઈ છે તેમાં ગિફ્ટસીટી તદન સ્થાન પામી શકે છે તેવો દાવો શહેરી વિકાસ વિભાગે તેના પ્રેઝન્ટેશનમાં કર્યો છે.

આ સિટીના નિર્માણ માટે અલગ સત્તામંડળની પણ રાજય સરકારે રચના કરી છે તેમજ આ ગિફ્ટસિટી અત્યંત આધુનિક સુવિધાઓ સાથે સુસજ્જ સિટી બનાવવાની વાત છે.

ગિફ્ટ સીટીના બે ટાવરના નિર્માણ બાદ તેને મળેલા મોળા પ્રતિસાદ બાદ ચિંતાતુર બનેલા રાજય સરકારને આ પ્રોજેકટને આગળ ધપાવવા સ્માર્ટ સીટી પ્રોજેકટ અંતર્ગત સહાય ઉપલબ્ધ બને તેમ હોઈ સરકારમાં એક નવી ચેતનાનો સંચાર થયો છે.

શહેરી વિકાસ મંત્રાલયના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે સ્માર્ટ સીટી પ્રોજેકટના અમલીકરણ માટે રાજય સરકારે સંપૂર્ણ તૈયારી બતાવી છે. જો કે આ પ્રોજેકટમાં તે તબકકાવાર આગળ વધવા માંગે છે તેવા સંકેત પણ કેન્દ્રને આપ્યા છે. જો કે સ્માર્ટ સીટી યોજનાના ડ્રાફટને કેન્દ્ર સરકાર દિવાળી બાદ આખરી ઓપ આપશે તેમ મનાઈ રહ્યું છે.

બીજી તરફ ગાંધીનગર વાઈબ્રન્ટ સમીટ ૨૦૧૫ની તૈયારીમાં વ્યસ્ત હશે ત્યારે કેન્દ્ર સરકાર આ ડ્રાફટ પ્રોજેકટમાં ગિફટસીટીને સ્માર્ટ સિટી ઘોષિત કરી વાયબ્રન્ટની ઉજવણીને યાદગાર બનાવે તે દિશામાં સરકાર આગળ વધી રહી છે. આ માટે આગામી દિવસોમાં કેન્દ્ર સરકાર સાથે પણ વિશેષ બેઠકો યોજાશે તેમ સરકારના નિકટવર્તીસૂત્રોએ જણાવ્યું છે.

ગિફ્ટ સીટી પ્રોજેકટ ૨૦૧૦માં હાથ ધરાયો હતો અને ૨૦૧૩માં આ સીટીનું લોકાર્પણ કરાયુ હતું. હવે ૨૦૧૫માં આ સીટી સ્માર્ટ સીટીનું બિરૂદ પામે તેવી શકયતાઓ વધી જવા પામી છે.

# વિધાનસભાનું ટૂંકુ સત્ર આગામી મહિને યોજાય તેવી સંભાવના

ગાંધીનગર, તા.૧૯ આગામી ઓકટોબર મહિનામાં બે દિવસનું વિધાનસભાનું ટૂંકુંસત્ર બોલાવવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

વિધાનસભા સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ લોકસભાની ચૂંટણીઓને કારણે વિધાનસભાનું સંપૂર્ણ બજેટ સત્ર ગત જૂન ૨૦૧૩માં બોલાવવામાં આવ્યું હતું. ૬ મહિના પૂર્ણ થાય તે પહેલા વિધાનસભાનું સત્ર બોલાવવાનો નિયમ છે. જે અનુસાર ૩૧મી જાન્યુઆરી ૨૦૧૪ પહેલા સત્ર બોલાવવું પડે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજયસભા દ્વારા એક બીલ પાસ કરવામાં આવ્યું છે. આ બિલને કેટલાક રાજયોના વિધાનસભાના સમર્થન ઠરાવની જરુરીયાત હોય છે. આથી આ ઠરાવ કરવા માટે રાજય સરકાર દ્વારા વિધાનસભાનું બે દિવસનું ટૂંકું સત્ર આગામી ઓકટોબર મહીનામાં બોલાવવા માટેની સક્રિય વિચારણા હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાત વિધાનસભાનું રેગ્યુલર અંદાજપત્ર સત્ર આગામી ફેબ્રુઆરી ૨૦૧૪ના બીજા અથવા ત્રીજા સપ્તાહમાં બોલાવવામાં આવે તેવી શકયતાઓ સેવાઈ રહી છે.

## સંધ્યાનું સૌદર્ય...



(તસવીર સૌજન્ય : મેહુલ પટેલ)

# ગાંધીનગરની પોલીસ આસામમાં લૂંટાઈ

## તપાસ માટે ગયેલી સે. ૭ પોલીસને આસામ હાઈવે પર લુંટી લેવાઈ : આર્મ્સ એક્ટ, છેતરપીંડી સહિતના જુના ગુનાઓની તપાસ માટે પીએસઆઈ સહિત ત્રણ પોલીસ ખાનગી ગાડી લઈને ગયા હતા : સર્વિસ રીવોલ્વર, રૂપિયા અને મોબાઈલ લુંટી લઈને ટીમને લોહીલુહાણ કરી લુંટારૂઓ ફરાર

ગાંધીનગર, તા. ૧૯ વર્ષ-૨૦૦૯, ૨૦૧૩ અને ૨૦૧૪ના આર્મ્સ એક્ટ, છેતરપીંડી, વિશ્વાસઘાત સહિતના અલગ અલગ ગુનાઓની તપાસ માટે ગાંધીનગર જિલ્લાની સે. ૭ પોલીસની એક ટીમ ખાનગી ગાડીમાં આસામ, બિહાર, યુ.પી. અને કલકત્તા જવા નીકળી હતી. આસામ હાઈવે પર તેમની ગાડીને રાત્રે પંચર પડ્યુ ત્યારે આસામની એક લુંટારૂ ટોળકી તેમની પાસે પહોંચી ગઈ અને પીએસઆઈ સહિતની ટીમને માર મારીને સર્વિસ રીવોલ્વર સહિત મોબાઈલો અને રોકડ રૂપિયાની લૂંટ ચલાવી ટોળકી ફરાર થઈ ગઈ હતી. ઘાયલ પોલીસની ટીમ આસામની હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

ગાંધીનગર જિલ્લાના સે. ૭ પોલીસ સ્ટેશને વર્ષ ૨૦૦૯ માં નોંધાયેલો કલમ ૪૦૬, વર્ષ-૨૦૧૩ નો આર્મ્સ એક્ટનો ગુનો અને વર્ષ-૨૦૧૪ માં નોંધાયેલો કલમ ૪૬૫, ૪૨૦ના ગુનાની વધુ તપાસ માટે સે. ૭ પોલીસની એક ટીમ મંજુરી લઈને બીજા રાજ્યોમાં તપાસ કરવા નીકળી હતી. સે. ૭ પીએસઆઈ વી.યુ. ગાડરીયા, પો.કો. મેહુલ શર્મા અને લોકરક્ષક ભરતભાઈ પ્રાઈવેટ વાહન લઈને એક ડ્રાઈવરને લઈ ૮

### પંચરગ્રસ્ત ગાડીનું ટાયર નીકાળેલુ હોવાથી ગાડી બચી ગઈ

આસામ હાઈવે પર ગાડીને પંચર પડતા સે. ૭ પોલીસની ટીમ રાત્રે અંધારામાં પંચરગ્રસ્ત ટાયર બદલવા માટે ઉભી રહી હતી. ડ્રાઈવરે પંચરગ્રસ્ત ટાયર બદલવા જેક ચઢાવ્યો અને ટાયર નીકાળ્યુ તેટલામાં લુંટારૂ ટોળકી ત્રાટકી હતી. પીએસઆઈ સહિત આખી ટીમને લુંટી લીધા બાદ ટોળકી ગાડી પણ લઈ જવાની હતી પરંતુ ગાડી જેક પર હોવાથી ગાડી બચી ગઈ હતી.

● અનુસંધાન પાન-૭ પર





જમ્મુ કાશ્મીર પુર બાદ અસરગ્રસ્ત લોકોને રાહત ઉપલબ્ધ કરાવવાના ભાગરુપે મેડિકલના વિદ્યાર્થીઓ દ્વારા પણ ફાળો એકત્રિત કરવામાં આવી રહ્યો છે

## News બિસ્કિટ

### સચીનને જાયન્ટસ ઈન્ટરનેશનલ એવોર્ડ એનાયત

સચીન તેંડુલકરને જાયન્ટસ



ઈન્ટરનેશનલ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે. આ એવોર્ડ તેમને સ્પોર્ટસ વિભાગમાં એનાયત કરવામાં આવ્યો છે. આ એવોર્ડ સચિવ તેંડુલકરને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહના હસ્તે અપાયો હતો.

### બેંકોમાં કેવાયસીના પોસ્ટર્સ અને બુકલેટ રાખો : આરબીઆઈ

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા



જનધન યોજના હેઠળ વધુમાં વધુના લોકોના બેંક એકાઉન્ટ ખોલવાની જાહેરાત તો કરી દીધી છે. સામાન્ય માણસને બેંકમાં ખાતુ ખોલાવવામાં તકલીફ ન પડે તે માટે રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ કેવાયસીના નિયમો આસાનીથી સમજાય તે માટે બેંકોમાં પોસ્ટર્સ લગાડવા અને બુકલેટ રાખવા સૂચના અપાઈ છે.

### વાહનમાં ખામી હોયતો પરત આપી શકાશે

એનડીએ સરકાર દ્વારા નવા



મોટર વાહન કાયદામાં અનેક મહત્વની જોગવાઈઓનો સમાવેશ કરવામાં આવી રહ્યો છે. એક જોગવાઈ મુજબ નવી કાર કે ટુ-વ્હીલર વાહનમાં જો કોઈ ખરાબી હોય તો તે કંપનીને પાછુ આપી શકાશે. જો આ વાહન કંપની પરત લેવા આનાકાની કે વિલંબ કરશે તો પાંચ લાખ સુધીનો દંડ અને સજાની પણ જોગવાઈ કરાઈ છે. દર પાંચ વર્ષે તમામ વાહનોમાં ફિટનસ ટેસ્ટ પણ ફરજિયાત કરાશે.

## રાજકોટની પેટા ચૂંટણી માટે ભાજપમાં ખેંચતાણ

ગાંધીનગર, તા. ૧૯ રાજકોટ પશ્ચિમ બેઠકની પેટા ચૂંટણી નજીક આવી રહી છે તેમ તેમ ભાજપમાં ઉમેદવારને લઈને જૂથબંધી બહાર આવતા ભાજપ માટે મુશ્કેલી ઉભી થાય તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

ભાજપ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ વજુભાઈ વાળાએ રાજીનામુ આપતા ખાલી પડેલી રાજકોટ પશ્ચિમ બેઠકની પેટા ચૂંટણી ૧૫મી ઓક્ટોબરના રોજ યોજાનારી છે.

આ બેઠક માટે ઉમેદવારીને લઈને અત્યારથી જ ભાજપમાં ખેંચતાણ શરૂ થવા પામી છે. આ બેઠક પર ભાજપના રાજ્યસભાના પૂર્વ સાંસદ વિજયભાઈ રૂપાણીનું નામ ચર્ચામાં આવતાં જ ભાજપના પૂર્વ સાંસદ હરીભાઈ પટેલે પણ આ બેઠક પર પટેલ સમાજમાંથી કોઈને ટીકીટ આપવી જોઈએ તેવો શૂર રેલાવીને ઉમેદવારની પસંદગીને લઈને આડકતરી રીતે પોતાની દાવેદારી કરી દીધી છે.

ભાજપ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આ બેઠક પર પટેલ મતદારોનું પ્રભુત્વ છે. હરીભાઈ પટેલ અગાઉ સંસદ સભ્ય અને ધારાસભ્ય પણ રહી ચુક્યા છે. આથી સિનીયર હોવાને નાતે તેઓ પણ આ બેઠક માટે ઉમેદવારીની રેસમાં છે.

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧
ફોન : ૨૩૨૩૭૫૭૧

Exclusive
Navratri Collections
Chaniya Choli
Dupattas
Mix & Match
Shilpa Thread Studio by Shilpa Patel
Date : 20-09-2014, Timing : 10 am to 8 pm at
Near Suman Tower, Beside Domino's Pizza, Sector-11, Gandhinagar

## પ્રાર્થના સભા



### સ્વ. અનેરી નીકુલ પટેલ

જન્મ તા. ૧૭-૦૭-૧૯૯૮ સ્વ.તા. ૧૫-૦૯-૨૦૧૪

અમારી લાડકવાયી દીકરી અનેરીનું સીડની (ઓસ્ટ્રેલીયા) ખાતે આકસ્મીક અવસાન થયેલ છે. સદ્દગતની પ્રાર્થના સભા તા. ૨૧-૦૯-૨૦૧૪ને રવિવારે સમય સવારે ૮:૩૦ થી ૧૧:૩૦ રાખેલ છે.

-: સ્થળ :-

ઉમા ભવન, ઉમિયા માતા મંદિર, સેક્ટર-૧૨, કલેક્ટર ઓફીસની સામે, ગાંધીનગર.

જે.સી. પટેલ (દાદા-બ્રાહ્મણવાડા, હાલ-ગાંધીનગર)
ઈશાબેન જે. પટેલ (દાદી) નીકુલ જે. પટેલ (પપ્પા)
યોગેશ જે.પટેલ (કાકા) સોનલ એન. પટેલ (મમ્મી)
અનિતા વાય. પટેલ (કાકી) શીવ અને વીર (ભાઈ)